# ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ

સંયુક્ત પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, સુમન ટાવર, બીજો માળ,
ઉત્તર પાંખ(વિંગ), સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧ ઈ-મેઈલ : jd-gsawb-gnr@gujarat.gov.in


Azadi Ka Amrit Mahotsav

પ્રાણી ક્રુરતા નિવારણ (કેસ સબંધી પશુઓની દેખભાળ અને ભરણ પોષણ) નિયમો-૨૦૧૭, હેઠળ પડતર કોર્ટ કેસ દરમિયાન પશુઓની દેખભાળ અને ભરણ પોષણ માટેના દર.

**ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ**
**ગાંધીનગર**
**પરિપત્ર ક્રમાંક:-ગુ.પ્રા.ક.બો./પ૮૮-૬૯૩/૨૦૨૨**
**તા. ૧૦/૦૨ /૨૦૨૨**

<u>વંચાણે લીધુ:</u>

૧) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર ના ઠરાવ ક્રમાંક:- એ.એચ.એસ/ ૧૦૨૦૧૩/ ૩૧૧૭/ પી.૧ , તા.30/૧૧/૨૦૧૩.

૨) કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ,સચિવાલય ,ગાંધીનગર ના ઠરાવ ક્રમાંક:- એ.એચ.એસ/ ૧૦૨૦૧૨/ ૩૧૧૬/ પી.૧, તા. ૧૮/૧૨/૨૦૧૮.

૩) નામ. સુપ્રીમ કોર્ટ ન્યુ દિલ્હી ગીતા શેષમણી વિરૂદ્ધ ભારત સરકાર ના સિવીલ એપ્લીકિશન નંબર:- ૪૪૦/૨૦૦૦ ના ચુકાદા ક્રમાક D.O.No.2090/2000/PIL(writ) તા.૨૦/૦૯/૨૦૦૮.

૪) પ્રાણી કૃરતા નિવારણ (કેસ સંબંધી પશુઓની દેખભાળ અને ભરણ પોષણ) નિયમો ૨૦૧૭, તા.૨૩/૦૫/૨૦૧૭.

૫) ભારતીય જીવ જંતુ કલ્યાણ બોર્ડના માર્ગદર્શન પત્ર નં. ૯-૧(૨૦૧૮-૧૯) પીસીએ.

તા.03/૦૫/૨૦૧૮.

૬) માન. મંત્રીશ્રી (પશુપાલન) સહ ચેરમેનશ્રી, ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની તા.૦૧/૦૨/૨૦૨૨ રોજ નોંધ પર મળેલ મંજૂરી અન્વયે.

નામ.સુપ્રીમ કોર્ટ ન્યુ દિલ્હી ગીતા શેષમણી વિરૂદ્ધ ભારત સરકારના સિવીલ એપ્લીકિશન નંબર:-૪૪૦/૨૦૦૦ ના ચુકાદા ક્રમાક:- D.O.No.2090/ 2000/ PIL (writ) તા.૨૦/૦૯/૨૦૦૮ માં જણાવ્યા મુજબ, સરકારશ્રીના કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા સંદર્ભ (૧) અને (૨) મુજબ રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડની પુન:રચના કરવામાં આવેલ છે. જે પ્રાણી કુરતા અધિનિયમ- ૧૯૬૦ ની જોગવાઈઓનું રાજ્ય સ્તરે અમલ કરાવવા ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડની કામગીરીમાં સહાયભુત થવાની કામગીરી કરે છે.

કેન્દ્ર સરકારશ્રી હસ્તકના ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડ દ્વારા પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ ની કલમ ૩૮ પેટા કલમ- (૧) અને (૨) થી તેઓને મળેલ સત્તાના રૂએ તા.૨૩/૦૫/૨૦૧૭ થી અમલમાં મુકવામાં આવેલ પ્રાણી ક્રુરતા નિવારણ (કેર એન્ડ મેન્ટેનન્સ ઓફ પ્રોપર્ટી એનીમલ) નિયમો- ૨૦૧૭ ના પેટા રૂલ્સ (૪)-૧ મુજબ રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા આ નિયમના લાગુ પડ્યા પછી ના ૩(ત્રણ) માસમાં અને ત્યારબાદ દરેક વર્ષની ૧લી એપ્રિલે આ સંદર્ભના પડતર કોર્ટ કેસ દરમ્યાન દરેક પ્રકારના પશુઓ કે જે સામાન્ય રીતે આવા કેસમાં જપ્ત થતાં હોય છે. તે માટે આવા પશુના પરિવહન , સારવાર અને નિભાવના દર નક્કી કરવાના રહે છે અને આ પેટા નિયમ (૪)-(૨) મુજબ રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ દ્વારા નક્કી કરી જાહેર કરેલ આ દર ન્યાયાધીશ આ કાયદા હેઠળની કલમ-(૩૫) પેટા કલમ-(૪) મુજબ ના કામે ઉપયોગ કરવાના રહે છે.

વંચાણે લીધેલ સંદર્ભ (૫) મુજબ ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડ દ્વારા તેઓના તા. ૧૩/૦૫/૨૦૧૮ ના પરિપત્રથી માર્ગદર્શન આપી પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ (કેસ સંબંધી પશુઓની દેખભાળ અને ભરણપોષણ) નિયમો-૨૦૧૭ નું અમલીકરણ કરવા અને તે અંગે જ્યા સુધી રાજ્ય આવા દર નક્કી ના કરે ત્યાં સુધી તેઓ દ્વારા પૂરા પાડેલ દર નો અમલ કરવા જણાવેલ છે.

વંચાણે લીધેલ સંદર્ભ (૪) પ્રાણી ક્રુરતા નિવારણ (કેસ સંબંધી પશુઓની દેખભાળ અને ભરણપોષણ) નિયમો ૨૦૧૭ અન્વયે રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડને મળેલ કાયદાકીય સત્તા મુજબ તેમજ આ સંદર્ભે ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડના તા.૦૩/૦૫/૨૦૧૮ ના પરિપત્ર દ્વારા મળેલ નિર્દેશ મુજબ રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડ -ગાંધીનગર દ્વારા નીચે મુજબની વિગતે પડતર કોર્ટ કેસ સંબંધી પશુઓની દેખભાળ અને ભરણપોષણ અને સારવાર દર તેમજ શરતો બોલીઓ નક્કી કરી નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

| પશુની જાત | હેતુ | ન્યુનતમ દૈનિક દર |
|---|---|---|
| તમામ પશુઓ માટે | આરોગ્ય તપાસ,ઓળખ,રંગીન ફોટોગ્રાફ્સ,કાને કડી મારવી. | રૂ! ૨૦૦/પ્રતિ પશુ (એક વખત ) |
| | પશુ સારવાર, રસીકરણ, કૃમિનાશક દવા, ઈતરડી નિવારણ. | કાર્યક્ષેત્ર હસ્તકના સરકારી પશુ ચિકિત્સા સંસ્થાના પશુચિકિત્સક અધિકારી દ્વારા પ્રમાણિત થાય તે મુજબ ના ખર્ચ |
| ગાય વર્ગ અને ભેંસ વર્ગના પશુઓ માટે | પાલન પોષણનો દૈનિક ખર્ચ | નાના પશુ: રૂ! ૧૫૦/પ્રતિ પશુ |
| | | મોટા પશુ: રૂ! ૨૦૦/પ્રતિ પશુ |
| | પરિવહન ખર્ચ | રૂ! ૨૫/ પ્રતિ કિલોમીટર |
| અશ્વ વર્ગના પશુઓ માટે | પાલન પોષણનો દૈનિક ખર્ચ | નાના પશુ: રૂ! ૧૫૦/પ્રતિ પશુ |
| | | મોટા પશુ: રૂ! ૩૦૦/પ્રતિ પશુ |
| શ્વાન વર્ગના પશુઓ માટે, ઘેટા-બકરાં માટે અને અન્ય પાલતું પશુઓ માટે | પાલન પોષણનો દૈનિક ખર્ચ | |
| | પશુનું વજન ૧૦ કિ.ગ્રા સુધી | રૂ! ૧૫/પ્રતિ પશુ |
| | પશુનું વજન ૧૦ કિ.ગ્રા થી ૨૫ કિ.ગ્રા સુધી | રૂ! ૩૦/પ્રતિ પશુ |
| | પશુનું વજન ૨૫ કિ.ગ્રા થી ૪૦ કિ.ગ્રા સુધી | રૂ! ૫૦/પ્રતિ પશુ |
| | પશુનું વજન ૪૦ કિ.ગ્રા થી વધુ. | રૂ! ૭૦/પ્રતિ પશુ |

(૧) મે.મેજિસ્ટ્રેટ આ કાયદા હેઠળ જપ્ત થયેલ પશુઓના પડતર કોર્ટ કેસ દરમિયાન તેમજ કોર્ટ કેસના નિકાલ સમયે પશુઓના પરિવહન,પશુઓના ભરણ પોષણ તેમજ સારવાર માટે ન્યુનતમ દર તરીકે આ કાયદા હેઠળના પ્રાણી ક્રુરતા નિવારણ (કેર એન્ડ મેન્ટેનન્સ ઓફ કેસ પ્રોપર્ટી એનીમલ) નિયમો-૨૦૧૭ નું અમલીકરણ કરવા સારું ઉપરોક્ત સુચવેલ ન્યુનતમ દરનો ઉપયોગ કરવાનો રહેશે.

(૨) જે કિસ્સાઓમાં ઉપર મુજબની વિગત સિવાયના જપ્ત કરેલ પશુઓની બાબત બને તો મે.મેજિસ્ટ્રેટ દ્વારા જે તે કાર્યક્ષેત્રના સરકારી પશુ ચિકિત્સા અધિકારી દ્વારા સૂચવવામાં આવે તે દરને ધ્યાને લેવાના રહે છે. તે મુજબની જોગવાઈ નો અમલ કરવાનો થાય છે.

(૩) સદર નિયમોની જોગવાઈ મુજબ મે.મેજિસ્ટ્રેટ દ્વારા આ કાયદા અને નિયમ મુજબ પશુઓનો કબજો ઇન્ફરમરીઝ, પાંજરાપોળ, SPCA, પ્રાણી કલ્યાણ સંસ્થા કે ગૌશાળાને જ્યારે સોપવામાં આવે ત્યારે મહતમ ૩(ત્રણ) દિવસ માં નિશ્ચિત રકમના જામીન જે સંસ્થાને પકડાયેલ પશુઓનો કબજો સોપેલ હોય તે સંસ્થા તરફથી આક્ષેપિત અને પશુમાલિક પાસેથી મળી રહે તે બાબતનો આદેશ મે.મેજિસ્ટ્રેટ દ્વારા કસ્ટડી સોપવા સાથે કરવાનો રહે છે. આ સંસ્થાએ (ઇન્ફરમરીઝ, પાંજરાપોળ, SPCA, પ્રાણી કલ્યાણ સંસ્થા કે ગૌશાળાને) જે દિવસથી પશુઓનો કબજો સંભાળેલ હોય તે દિવસથી લઇ કેસ નો નિકાલ આવે તે દિવસ સુધીના પશુના ભરણ પોષણમાં ખર્ચ થયેલ વાસ્તવિક અને વાજબી કિંમત આ જામીનખત માંથી પખવાડિક ધોરણે મેળવવાની રહે છે.

(૪) પ્રાણી ક્રુરતા નિવારણ કેસ સંબંધી પશુઓના દેખભાળ અને ભરણ પોષણ નિયમો-૨૦૧૭ દર્શાવેલ અન્ય તમામ બાબતો જેવી કે પડતર કોર્ટ કેસ દરમ્યાન જપ્ત થયેલ પશુઓ અંગે, જામીનખતના અમલીકરણ અંગે, ત્યજી દેવાતા પશુઓ અંગે, પશુઓના સ્વૈચ્છિક ત્યાગ અંગે, કેસનો નિકાલ થાય ત્યારે પશુઓ અંગે કરવાની કાર્યવાહી અંગે, આ પશુઓ દત્તક લેવાની પ્રક્રિયા અંગે, અને નિયમો અને કાયદામાં દર્શાવેલ તમામ આનુષાંગિક બાબતોનો સંબંધિત સત્તાવાળી સંસ્થાઓએ અમલ કરવાનો રહેશે.

આમ, સંબંધિત પોલીસ વિભાગ દ્વારા પડતર કોર્ટ કેસ દરમિયાન પશુઓની દેખભાળ અને ભરણપોષણ માટેની વ્યવસ્થા સમયે કરવાની થતી કાર્યવાહીમાં પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ (કેસ સબંધી પશુઓની દેખભાળ અને ભરણપોષણ) નિયમો-૨૦૧૭ ની જોગવાઈ સંદર્ભે ઉપર મુજબ સુચવેલ કાર્યવાહી કરવામાં આવે તે હેતુથી તથા સંબંધિત ન્યાયાલય દ્વારા કરવામાં આવતી કાર્યવાહી અને આપવામાં આવતા ચુકાદામાં આ નિયમોની જોગવાઈઓ ચુસ્તપણે સામેલ કરવામાં આવે તે હેતુથી પશુઓની દેખભાળ અને ભરણ પોષણ માટેના દર પ્રસિદ્ધ કરવામાં આવે છે.ઉપરોક્ત મંજુરી રાજ્ય પ્રાણી કલ્યાણ બોર્ડની સરખા ક્રમાંકની ફાઇલ પરથી માન. મંત્રીશ્રી(પશુપાલન) સહ અધ્યક્ષશ્રી, ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડની [illegible]/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજૂરી અનુસાર આ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સંયુકત પશુપાલન નિયામક<br>
ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ<br>
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ સવિનય રવાના જાણ સારૂ:-

i) માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧ , નવા સચિવાલય, ગાંધીનગર.

ii) ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડના અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી તેમજ અન્ય સભ્યો.

(૧) ચેરમેનશ્રી સહ માન.મંત્રીશ્રી, (કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન), ગુજરાત રાજ્ય,સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર.

(૨) વાઈસ ચેરમેનશ્રી સહ માન.મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) (પશુપાલન અને ગૌ સંવર્ધન) ગુજરાત રાજ્ય, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર

(૩) માન. સચિવશ્રી, ગુ.પ્રા.ક.બોર્ડ ,સહ પશુપાલન નિયામકશ્રી, કૃષિભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૪) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ, સુશ્રી ડો.નિમાબેન આચાર્ય, માન. ધારાસભ્યશ્રી, ભુજ-03 વિધાનસભા બેઠક, ભુજ.

(૫) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ ,શ્રી હર્ષ સંઘવી, માન. ધારાસભ્યશ્રી, મજુરા-૧૬૫ વિધાનસભા બેઠક,સુરત.

(૬) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ, મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૭) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગર પાલિકા, રાજકોટ.

(૮) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગર પાલિકા, વડોદરા.

(૯) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ, પોલીસ મહાનિર્દેશકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૧૦) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ, જીલ્લા કલેકટરશ્રી, કલેકટર કચેરી, બનાસકાંઠા, પાલનપુર.

(૧૧) પ્રતિનિધિ, ભારતીય પ્રાણી કલ્યાણ બોર્ડ, દિલીપ શાહ,ઈ/૧૧૫, શક્તિ નિવાસ, સર્વોદય વિભાગ-૧, સોલા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧, મો.નં. ૮૧૬૦૮ ૦૨૩૨૪ /૮૭૩૩૮ ૪૯૨૯૨

(૧૨) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ, શ્રી રતિભાઇ મહેતા,યુગ શકિત ગાયત્રી સંકુલ રોડ, મુ. ચલાલા, તા.ધારી, જિ. અમરેલી મો.નં. ૯૪૨૭૭ ૪૩૮૧૭

(૧૩) માન. સભ્યશ્રી ગુ. પ્રા. ક. બોર્ડ,શ્રી જયદિપ સૌમૈયા,ગાયત્રી મંદિર પાસે, કૃષ્ણનગર મુ. રાજુલા, જિ. અમરેલી. મો.નં. ૯૪૨૭૭ ૪૨૯૪૪

(૧૪) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ,શ્રી નયન નવિનચન્દ્ર ભરતીયા,૧૦૦૨, ફાલ્કન એવન્યુ, સીટીલાઇટ રોડ, અઠવાલાઇન, સુરત-૩૯૫ ૦૦૭ મો.નં. ૯૩૭૭૬ ૦૩૬૦૦/૭૮૭૮૪ ૮૭૭૬૬

(૧૫) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ,શ્રી સંજયભાઇ કોઠારી,નવકાર સારવાર સંસ્થા, ૫૦૨, નાલંદા એન્કલેવ, સુદામા રિસોર્ટ સામે,પ્રિતમનગર, પહેલો ઢાળ, એલીસબ્રીજ, અમદાવાદ.મો.નં. ૯૮૨૫૦ ૦૮૬૯૩

(૧૬) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ,શ્રી અરુણ ઓઝા,"શારદાશ્રય" ૩૫, સ્વાગત પાર્ક બંગ્લોઝ, આસોપાલવ બંગ્લોઝ પાસે, ઓફ એસ.જી. હાઇવે, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯. મો.નં. ૯૮૨૫૪ ૭૯૫૩૮

(૧૭) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ સુશ્રી પૂર્વી રાહુલ શાહ,શ્રી દાનેવ ફાઉન્ડેશન, ૨૦, ધરણીધર સોસાયટી,ધરણીધર દેરાસર પાછળ,વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ મો.નં.૯૮૯૮૩ ૪૭૮૪૮

(૧૮) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ, શ્રી મિત્તલ ખેતાણી,કરુણા ફાઉન્ડેશન, સત્યમ, ૩-ટાગોર નગર, કાલાવાડ રોડ,સૌરાષ્ટ્ર હાઇસ્કુલની સામે, રાજકોટ-૩૬૦૦૦૧. મો.નં. ૯૮૨૪૨ ૨૧૯૯૯

(૧૯) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ,શ્રી રાજેન્દ્રભાઇ શાહ, ઇ-૫૦૨, સદગુરુ વાટિકા, એરપોર્ટ રોડ,રાજકોટ-૩૬૦૦૦૧, મો.નં. ૯૪૨૬૨ ૫૦૮૧૬

(૨૦) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ,શ્રી બળવંતભાઇ આચાર્ય,ઘર નં.૩, વૈભવપાર્ક સોસાયટી, નાગલપુર કોલેજની સામે,મહેસાણા-૩૮૪૦૦૨ મો.નં. ૯૪૨૭૪ ૦૮૮૩૯

(૨૧) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ,શ્રી ગુલાબસિંહ દાનુભાઇ જાડેજા,પ્લોટ નં. ૧૩૨, ચિત્રા જી.આઈ.ડી.સી. રેસીડિન્સી, મારુતી શો રૂમની પાછળ, ચિત્રાં,ભાવનગર-૩૬૪ ૦૦૪ મો.નં. ૯૮૯૮૬ ૩૦૨૭૭

(૨૨) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ,શ્રી કૌશિકભાઇ મહેતા,શ્રી સુપાશ્વ જૈન સેવા મંડળ, કલાપૂર્ણસુરિ કરુણાધામ પશુ હોસ્પિટલ,લંકીવાળા યક્ષ મન્દિર સામે, ભૂજ મુન્દ્રા રોડ, ભુજ-૩૭૦૦૦૧ મો.નં. ૯૪૨૬૨ ૧૫૨૧૩

(૨૩) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ,શ્રી કિશોરભાઈ શાહ, જેતપુર પાંજરાપોળ મહાજન, ટેલીફોન એક્ષચેન્જની સામે,જેતપુર, જી. રાજકોટ ૦૨૮૨૩-૨૨૧૩૫૫. મો.નં. ૯૮૨૫૫ ૭૩૮૯૯ – ૮૨૬૪૪ ૧૪૧૬૬

(૨૪) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ,શ્રી ચીનુભાઈ શિવલાલ શાહ, મેનેજીંગ ટ્રસ્ટી, થરા ખોડાઢોર પાંજરાપોળ, થરા,જી. બનાસકાંઠા. મો.નં. ૯૪૨૬૩ ૧૯૪૧૬

(૨૫) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ,શ્રી પંકજભાઈ બુચ, એનિમલ વેલ્ફેર ફાઉન્ડેશન,બ્લોક નં. એચ.૧૦/૫૮, પરિમલ એપાર્ટમેન્ટ, સેક્ટર-૭-બી, ગાંધીનગર-૭. મો.નં. ૯૯૦૯૭૧૮૨૪૫

(૨૬) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ,શ્રી માધવપ્રકાશ સ્વામીજી, શ્રી સ્વામીનારાયણ ગૌશાળા (ગીર), ચરેડી પાણીની ટાંકી પાછળ, સિદ્ધરાજ બંગ્લોની બાજુમાં, પેથાપુર – ૩૮૨૬૧૦ જી. ગાંધીનગર. મો.નં. ૯૪૨૮૦ ૪૯૪૧૮.

(૨૭) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ,શ્રી નારાયણ લલ્લુભાઈ પટેલ, પ્રમુખશ્રી, ઉંઝા પાંજરાપોળ, ઉંઝા, જી. મહેસાણા,મો.નં. ૯૮૨૫૦ ૪૦૨૦૦

(૨૮) માન. સભ્યશ્રી ગુ.પ્રા.ક.બોર્ડ,શ્રી વિમલભાઈ શાહ, સંચાલકશ્રી, મહેસાણા પાંજરાપોળ, પાંજરાપોળ ગલી, મહેસાણા. / ૪-A, જવાહર સોસાયટી, મગપરા રોડ,મહેસાણા-૩૮૪૦૦૨, મો. નં. ૯૪૨૬૩ ૫૯૪૯૯

(૨૯) માન. સભ્યશ્રી ગુ. પ્રા. ક. બોર્ડ,શ્રી પૃથ્વીરાજ પટેલ, શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થા – ઇડર. મો.નં. ૯૮૨૫૫ ૩૮૨૨૫

(૩૦) માન. સભ્યશ્રી ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડ,શ્રી ગીરીશભાઈ શાહ, ૧૦૧, આત્મજ એપાર્ટમેન્ટ, કુંમ્બાલા હિલ હોસ્પિટલની સામે,કેમ્પસ કોર્નર, ઓગસ્ટ ક્રાંતિ રોડ, ગ્રાન્ટરોડ(પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૩૬. મો.નં. : ૯૮૨૦૦ ૨૦૯૭૬

iii) માન. મંત્રીશ્રી, ગૃહ વિભાગ, સ્વર્ણિમ સંકુલ ૨, પ્રથમ માળ, નવાસચિવાલય, ગાંધીનગર.

iv) માન. સચિવશ્રી (સહકાર,પશુપાલન, ગૌસંવર્ધન અને મત્સ્યોધોગ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, બ્લોક નં. ૫/૨, ગાંધીનગર- ધ્યાને લેવા સારુ.

v) એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/ રાજકોટ.

vi) ઉપસચિવશ્રી, નાણાં વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.

vii) સભ્ય સચિવ સહ સંયુક્ત પશુપાલન નિયામકશ્રી, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગાંધીનગર.

viii) નાયબ પશુપાલન નિયામકશ્રી, (ઘાસચારા વિકાસ શાખા), પશુપાલન નિયામકશ્રીની કચેરી, કૃષિભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ સવિનય રવાના ઘટતી કાર્યવાહી કરવા અર્થે,

૧) અધ્યક્ષશ્રી સહ કલેકટરશ્રી, જિલ્લા પ્રાણી કુરતા નિવારણ સોસાયટી, કલેકટર કચેરી, તમામ જિલ્લા.

૨) રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઈકોર્ટ.
૨/- જિલ્લા કોર્ટના રજીસ્ટ્રારશ્રી, તરફ તાબાની તમામ જિલ્લા કોર્ટ ખાતે જાણ કરવા અર્થે.

૩) માન. પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, પહેલો માળ, સેકટર- ૧૮, ગાંધીનગર- ૩૮૨૦૨૧.
૨/- તમામ જિલ્લા પોલીસ વડાને જાણ કરવા અને અમલીકરણ અર્થે.

નકલ રવાના ઘટતી કાર્યવાહી કરવા સારૂ પ્રતિ :-

સચિવશ્રી સહ નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પ્રાણી કુરતા નિવારણ સોસાયટી, જિલ્લા પંચાયત- તમામ જિલ્લા.